સંવત ૨૦૭૩નું રાશિવાર ભવિષ્ય

પરિશ્રમ કરવા છતાં મહેનતનું મીઠું ફળ ચાખવાથી દૂર રહેશો. તમે અભ્યાસ સંબંધી નાસીપાસ થતા જશો. તા. ૧૨-૦૯-૨૦૧૭ સુધી ગુરુની દૃષ્ટિ રહેતા રાહત જણાય. મકકમ મનોબળ રાખવું જરૂરી બને.

(૭) તુલા રાશિ : (ર.ત.)

વિ.સં. ૨૦૭૩ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા બારમા વ્યયસ્થાને રહેતાં તા. ૧૨-૦૯-૨૦૧૭થી તમારી રાશિમાં આવશે. વર્ષારંભે શનિ તમારા બીજા ધનસ્થાને રહે છે. અહીં તમારે સાડાસાતી પનોતીનો છેલ્લો તબક્કો પગ પરથી ચાંદીન પાયે પસાર થશે. પાછો તા. ૨૬-૦૧-૨૦૧૭થી તમારા ત્રીજા પરાક્રમ સ્થાને આવશે. વળી પાછો વક્રી થઈ તા. ૨૦-૬-૨૦૭થી તમારા બીજા ધન સ્થાને આવશે. અહીં પાછો પનોતીનો ત્રીજો તબક્કો તાંબાના પાયે પગ પરથી પસાર થશે. વર્ષારંભે રાહુ તમારા અગિયારમા લાભ ભાવે અને કેતુ તમારા પાંચમે રહેતા તા. ૧૭-૮-૨૦૧૭થી રાહુ તમારા દસમા કર્મસ્થાને અને કેતુ ચોથ સુખસ્થાને આવશે.

વર્ષની શરૂઆતમાં ગુરુ તમાર બારમા વ્યવસ્થાને રહે છે. જે શુભ ફળ આપવા સમર્થ નથી. સ્થાવર અંગેના કાર્યોમાં સફળતા મળે. ધંધા વ્યવસાયિક કાર્યો કરનારે સાવચેતી રાખવી. આર્થિક નુકસાનના અનેક યોગો બને ત્યાગના સંદર્ભમાં તમારે અહીં કંઈક ગુમાવવું પડશે. અનેક પ્રકારના પરિવર્તનની પીડા ભોગવવી પડશે. અહીં મળતું કર્મનું ફળ તમારી પ્રતિષ્ઠા માટે નુકસાનકારક સાબિત થાય. તમને કરેલા કર્મનો પસ્તાવો થાય. તમારા પુરુષાર્થનું ફળ તમે ન મેળવી શકો. ભાઈ ભાંડુ તેમજ કુટુંબીજનો તરફથી વિશ્વાસઘાતના યોગ બને. માનસિક અશાંતિના કારણે તમે તમારો નિર્ણય યોગ્ય છે કે નહીં તે નક્કી ન કરી શકો તમારું જીવનધ્યેય તમને નિરાશા તરફ લઈ જશે. આવકમાં ઘટાડો થાય. બીજાના ઋણી ન બનાય તેની કાળજી રાખવી. આ સમયનો ત્યાગ કર્મના સંદર્ભમાં નુકસાન મેળવશો.

તા. ૧૨-૦૯-૨૦૧૭થી ગુરુ તમારી રાશિમાં આવશે. અહીં તમને વાસ્તવિક જીવનના વિષાદ અને નિરાશાના દર્શન થશે. તમારા સાહસ અને હિંમતમાં વધારો થાય. કોઈ પણ ઉતાવળીયો નિર્ણય તમને નિષ્ફળતા અને નુકસાન તરફ લઈ જશે. તમારા અહંકારને ઠેસ પહોંચશે. મોહ અને લાલચથી દોરવાશો તો લોભને થોભ નથી. સાહસિક કાર્યો દ્વારા ભાગ્યોદયનો અનુભવ કરશો. સમાજિક પ્રગતિ સારી થાય. આધ્યાત્મિક વિચારધારામાં વિજય મેળવશો. નવા વ્યવસાયિક કાર્યો થાય. નવીન ભાગીદારીમાં સંભાળવું. અગાઉના કટુસંબંધોને ભૂંસી નાંખવાનો પ્રયત્ન કરશો. તમારી મહત્વાકાંક્ષામાં વધારો થાય. સમાજ પ્રત્યેની તમારી જવાબદારી વધે. સંતાનની પ્રગતિ થાય.

શનિ વર્ષની શરૂઆતમાં તમારા બીજા ધનસ્થાને રહે છે. અહીં તમારે સાડા સાતી પનોતીનો છેલ્લો તબક્કો ચાંદીના પાયે ચાલશે. અહીં તમારે ધીરજ રાખી કાર્ય કરવાની જરૂર જણાય. અહીં તમે દૂધ અને પાણીના ભેદને પ્રત્યક્ષ નિહાળશો. તમે દૃઢ પ્રારબ્ધના અનુસંધાનમાં વ્યવસાયિક પ્રવાસ કરશો. તમે લાગણી અને વ્યવહારના સ્પષ્ટ ભેદને અસ્પષ્ટ બનાવશો. મહેનત પરિશ્રમ છતાં પ્રતિકૂળ સંજોગોનો સામનો કરવાની વૃત્તિ જાગ્રત થશે. ઉતરતી પનોતી ફટકો જરૂર આપશે તે જાણી કાળજી રાખવી. કૌટુંબિક મનદુઃખના પ્રસંગો બને. પુરુષાર્થનું ફળ હકારાત્મક દેખાવા છતાં તમે લાભ ન મેળવી શકો.

તા. ૨૬-૧-૨૦૧૭થી શનિ તમારા ત્રીજા પરાક્રમસ્થાને આવશે. જે તમારા સાહસ પરાક્રમમાં વધારો કરે. મહેનત પરિશ્રમ વધુ રહે. મહેનતનું ફળ સફળતામાં મેળવશો. ભાઈ ભાંડુ સાથે મતભેદો રહે. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો ભાઈ ભાંડુથી છૂટા પડવાના યોગ બને. તમારા પુરુષાર્થનું બળ બીજાને મળતું જણાય. આત્મવિશ્વાસના બળે તમારા આયોજનને વળગી રહેશો તો લાભ મેળવશો. તમારા વિચારોનું પરિવર્તન કરવા છતાં તમે ભૌતિક સમદ્ધિ ન મેળવી શકો. તમારી કાર્યપદ્ધતિમાં પરિવર્તન નિશ્ચિત છે. તમારા પુરુષાર્થની યોજના બદલશો. તમારે વાસ્તવિક અને અવાસ્તવિકપણાની ભેદનીતિમાં જીવવાની ફરજ પડશે. સ્થાવર અંગેના કાર્યમાં સંભાળવું. દસ્તાવેજ સંબંધી કાર્યોમાં છેતરાઈ જવાના યોગ બને.

તા. ૨૦-૦૬-૨૦૧૭થી વક્રી શનિ પાછો તમારા બીજા ધનસ્થાને આવશે. અહીં તમારે સાડા સાતી પનોતીનો ત્રીજો તબક્કો તાંબાના પાયે પસાર થશે. અહીં તમને કર્મની ગતિની ગહનતા દેખાશે. કૌટુંબિક મતભેદો વધુ રહે. તમારા પુરુષાર્થની હકારાત્મક વૃત્તિનો અનુભવ કરશો. ધાર્મિક કાર્યો સારા થાય. કોઈ વિશેષ પ્રકારની જવાબદારી આવે. યાત્રા મુસાફરી લાભદાયી હોવા છતાં તકલીફો આવે. વડિલવર્ગની બિમારી સંબંધી તકલીફો રહે. વડિલો સાથે વિચારોમાં ઘર્ષણ રહે. અંગત વ્યકિત સાથે મનદુઃખના પ્રસંગો બને. સમયને પારખવો જરૂરી બને.

વર્ષારંભે રાહુ તમારા લાભભાવે રહે છે. જે અહીં શુભફળ આપવા સમર્થ છે. તમારી યોજનાઓ સફળ થતી જણાય. તમને અલૌકિક જીવનનો મોહ જાગશે. પ્રેમ-આકર્ષણ જેવા શબ્દોના સંદર્ભમાં કંઈક ગુમાવશો. માયાજાળથી બચશો તો સફળતા મેળવશો ભાઈ ભાંડુ સાથે વિખવાદ થાય. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય. ધંધાકીય મુસાફરી લાભદાયી નિવડે. કોઈની પણ ખોટી જામીનગીરીથી દૂર રહેવું. સફળતા અને નિષ્ફળતા વચ્ચે તમારું ગણિત ખોટુ પડતું જણાય. અણધાર્યા લાભ છવા છતાં તમે લાભને અનુભવી નહીં શકો. ભૌતિક સમૃદ્ધિ સારી મેળવશો.

વર્ષારંભે કેતુ તમારા પાંચમા સ્થાને રહે છે જે શારીરિક નાની મોટી તકલીફો રાખે. આર્થિક નુકસાનના યોગ બને. સંતાન સાથે મતભેદો ક મનદુઃખના પ્રસંગો બને. તમારી વૃત્તિમાં સ્વાર્થનો ઉમેરો થશે. પેટ આંતરડા સંબંધી તકલીફો રહે. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો શસ્ત્રક્રિયાના યોગ પણ બની શકે. વ્યકિતગત નુકસાનના યોગ બને. દેખાતા ધનલાભ આશા નિરાશામાં પરિણમે.

તા. ૧૭-૦૮-૨૦૧૭થી રાહુ તમારા દસમા કર્મસ્થાને આવશે. જે ધંધા-વ્યવસાયિક તકલીફો વધારે. આર્થિક નુકસાનના મોટા યોગો બને. કૌટુંબિક અપયશના યોગ બને. સટ્ટાકીય કાર્યોમાં સંભાળવું. આકસ્મિક ધનવ્યયના યોગ બને. પુરુષાર્થની સફળતા માટેની તમારી દોડધામ સફળ નિવડે. ગુપ્ત શત્રુઓથી સંભાળવું. અહીં તમારા ધૈર્યની કસોટી થાય. કોર્ટ કચેરીના લગતા કાર્યમાં છેતરાઈ જવાના યોગ બને. વિરોધાભાસી વાતાવરણમાં જીવવાની તમને ફરજ પડે.

તા. ૧૭-૦૮-૨૦૧૭થી કેતુ તમારા ચોથા સુખસ્થાને આવશે. માતાને તકલીફો રહે. સ્થાવર અંગેના કાર્યોમાં અવરોધો આવે. આર્થિક નુકસાનના મોટા યોગો બને. સ્થાવર બાબતે તમારી સાથે છળકપટ થવાના યોગ બને. બ્લડપ્રેશર કે હાર્ટ સંબંધી તકલીફોવાળાએ સંભાળવું. ખાન-પાનમાં કાળજી રાખવી. ઉતાવળીયો કોઈ નિર્ણય લેવો યોગ્ય નથી.

● સ્ત્રીઓ માટે : સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. કૌટુંબિક મતભેદો રહે. પારિવારિક કે વડિલવર્ગની બિમારી અંગેની ચિંતા રહે. આંતરિક જીવનમાં અશાંતિ રહે. ધાર્મિક કાર્યો પાછળ ધનવ્યય વધુ થાય. સંતાન સાથે મતભેદો રહે. નોકરી કરતી સ્ત્રીઓને ઘણું સહન કરવું પડે શારિરીક તકલીફો રહે. પેટ સંબંધી શસ્ત્રક્રિયાના યોગ બને. કુટુંબની આર્થિક સમસ્યા વધુ વિકટ બનતી જણાય. નવીન સ્થાવર અંગેની તમારી આશા નિરાશા અપાવે. કૌટુંબિક ખટરાગના કારણે માનસિક અશાંતિ રહે.

● વિદ્યાર્થીઓ માટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. મહેનત પરિશ્રમનું ફળ શૂન્ય જ મળતું જણાય. તમારા પરિશ્રમનું ફળ બીજાને મળતું જણાય. ડિગ્રી પ્રાપ્તિ માટેના તમારા પ્રયત્નોમાં અવરોધ રૂકાવટ આવે. મિત્રો દ્વારા વિશ્વાસઘાતના યોગ બને. તમારા કેરીયર સંબંધી તકલીફો ઉભી થાય. અભ્યાસ સાથે નોકરી કરતાં વિદ્યાર્થીઓને આર્થિક પ્રશ્નો ઉભા થાય.

(૮) વૃશ્ચિક રાશિ : (ન.ય.)

વિ.સં. ૨૦૭૩ના વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા લાભ ભાવે રહેતાં તા. ૧૨-૯-૧૭થી તમારા બારમા વ્યયસ્થાને આવશે. શનિ વર્ષની શરૂઆતમાં તમારી રાશિમાં રહે છે. અહીં તમારે સાડાસાતી પનોતીનો બીજો તબક્કો લોઢાના પાયે ચાલશે. તા. ૨૬-૧-૨૦૧૭થી શનિ તમારા બીજા ધનસ્થાને આવશે. અહીં તમારે સાડાસાતીનો ત્રીજો અને છેલ્લો તબક્કો પગ પરથી લોઢાના પાયે પસાર થશે. વળી તા. ૨૦-૬-૨૦૧૭થી વક્રી શનિ પાછો તમારી રાશિમાં આવશે. જે લોઢાના પાયે છાતી પરથી પસાર થશે. વર્ષારંભે રાહુ તમારા કર્મસ્થાને અને કેતુ સુખસ્થાને રહેતાં તા. ૧૭-૮-૨૦૧૭થી રાહુ તમારા નવમા ભાગ્યભાવે અને કેતુ ત્રીજા પરાક્રમ સ્થાનેથી પસાર થશે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા અગિયારમા લાભ ભાવે રહે છે. આવક વૃદ્ધિ માટેના પ્રયત્નો સફળ થતાં જણાય. બેકારવર્ગને નોકરી પ્રાપ્તિના યોગ બને. સટ્ટાકીય કાર્યોમાં સફળતા સારી મળે. નોકરિયાત વર્ગને બઢતી કે પ્રમોશન અંગેના ચાન્સ સારા મળે. અહમનો ત્યાગ કરી શકશો તો સફળતા સારી મળે. સુખ વૈભવની વૃદ્ધિ થાય. ધંધા વ્યવસાયિક મુસાફરી તકલીફ કર્તા નિવડે. સામાજિક માન-પાન સારા મેળવશો. કૌટુંબિક પ્રતિષ્ઠામાં વધારો થાય. અહમના કારણે કોઈ ખોટો નિર્ણય ન લેવાય જાય તેની કાળજી રાખવી. ખોટા વાદ વિવાદથી દૂર રહેવું તમારા માટે હિતાવહ ગણાય. મોટા ભાઈ ભાંડુ તરફથી લાભ થાય.

તા. ૧૨-૦૯-૨૦૧૭થી ગુરૂ તમારા બારમા વ્યયસ્થાને આવશે. જે આર્થિક-શારીરિક તકલીફો રાખે. વડિલવર્ગની બિમારીના કારણે આર્થિક ટેન્શન રહે. ખોટા આડંબરોના કારણે ગેરમાર્ગે આર્થિક વ્યય વધુ થાય. ભૌતિક સુખ સાધનો પાછળ મોટા મોટા ખર્ચાઓ થાય. બિનજરૂરી ખર્ચથી સંભાળવું. ધંધાકીય ઉઘરાણી પરત આવવામાં વિલંબ થાય. ધાર્મિક કાર્યો સારા થાય. માનસિક ટેન્શનમાં વધારો થાય. બેકારવર્ગને નોકરી પ્રાપ્તિ થવા છતાં યોગ્ય લાભ ન મેળવી શકો. ત્યાગના સંદર્ભમાં કંઈક ગુમાવશો. કૌટુંબિક-સામાજિક મર્યાદા સમજીને કાર્ય કરવા છતાં તમારો પુરુષાર્થ એળે જતો જણાય. તમારું જીવનધ્યેય તમને નિરાશા તરફ લઈ જાય.

શનિ વર્ષની શરૂઆતમાં તમારી રાશિમાં રહે છે. અહીં તમારે સાડાસાતી પનોતીનો બીજો તબક્કો લોઢાના પાયે છાતી પરથી પસાર થશે. જે શારીરિક નાની-મોટી તકલીફો રાખે. ખર્ચ અને નુકસાનના અનેક યોગ બને. આવકની સ્થિતિ સામાન્ય રહે. ધનવાન થવાની ઘેલછા તમને અર્ધપાગલ જેવા બનાવે નહીં તેની કાળજી રાખવી. સમાજિક મર્યાદા અને નાણાંની ખેંચના કારણે તમે ગૂંગળામણ અનુભવશો. જવાબદારીનો બોજો રહે. આરોગ્ય સંબંધી તકલીફો રહે. કાનૂની કાર્યોમાં સંભાળવું. ધાર્મિક યાત્રા પ્રવાસના યોગ બને. અસામાજિક તત્વોના હાથા ન બનાય તેની કાળજી રાખવી. અંગત વ્યકિત સાથે મનદુઃખના પ્રસંગો બને.

તા. ૨૬-૧-૨૦૧૭થી શનિ તમારા બીજા ધનસ્થાને આવશે. અહીં તમારે સાડાસાતી પનોતીનો ત્રીજો અને છેલ્લો તબક્કો લોઢાના પાયે પગ

જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ
કાઉન્સિલનો પ્રમુખ ઉદ્દેશ
જનસેવા એ જ પ્રભુ સેવા
આગામી આવનારૂ નવું મંગલમય વર્ષ આપના જીવનમાં નવીન ઉમંગ આનંદને સફળતાનો ત્રિવેણી સંગમ લઈને આવે સાથે જ જુનિયર સિટીઝન્સ કાઉન્સિલમાં સફળતાના ૧૭ વર્ષ પુરા કરાવતા અમુલ્ય તમામ દાતાશ્રીઓ આજીવન સભ્યશ્રીઓ સાથે જ સંસ્થાને પ્રેરક બળ પુરૂ પાડનારા તમામ નામી-અનામી નગરજનોનો સંસ્થા નવા વર્ષની શુભકામના સાથે હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર માને છે.
નૂતન વર્ષાભિનંદન...
જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ
ઓફીસ સિવિલ હોસ્પિટલ કંમ્પાઉન્ડ, સેક્ટર-૧૨, ગાંધીનગર
બ્લોક નં. ૫૬/૧, પી.એમ. રૂમની સામે
ફોન:- ૨૩૨-૪૩૦૨૩, ૨૩૨-૪૦૧૮૨, ૯૪૨૬૮-૩૩૩૪૪
સંસ્થાને આપેલ દાન ૮૦-જી હેઠળ કરમુક્ત છે.
સમસ્ત જુ.સિ.કા. પરીવાર

નૂતન વર્ષાભિનંદન
વિક્રમ સંવત ૨૦૭૩નું વર્ષ સૌ નગરજનોને તથા સંસ્થાના સભ્યોને સર્વ પ્રકારે યશદાયી, લાભદાયી, ફળદાયી અને સુખદાયી નિવડે તથા આપણા પારસ્પરિક સંબંધો વધુ આત્મીય અને ઉષ્માભર્યા બની રહે એ જ અભ્યર્થના સહ નૂતન વર્ષાભિનંદન.
જે. એલ. શાહ
મંત્રી
સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર
ભાનુપ્રસાદ પુરાણી
પ્રમુખ
સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર
સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર
૭૯૦/એ, નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧, ફોન: (૦૭૯) ૨૩૨૪૯૫૯૦

સર્વે નગરજનોને નૂતન વર્ષાભિનંદન
MTPL
મુકેશ ટ્રેડલીંક પ્રા. લી.
મુકેશ એન્ટરપ્રાઈઝ | સ્વપ્નીલ એન્ટરપ્રાઈઝ
સિમેન્ટ, સ્ટીલ, કપચી, ગ્રીટ, મેટલ ના છુટક તથા જથ્થાબંધ વહેપારી
ગાંધીનગર જિલ્લા સ્ટોકીસ્ટ
અલ્ટ્રાટેક સિમેન્ટ ઓરિજિનિયરની પસંદગી
ઓફિસ : ૯,૧૦, શાલીન કોમ્પલેક્ષ, પેટ્રોલ પંપ પાસે, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૧. (ઓ) ૨૩૨૩૨૯૦૨/૩, મો. ૯૮૨૪૧૨૩૫૩૦,
ગોડાઉન : સ્વરાજ કોમ્પલેક્ષ સામે, નાના ગ-૧માની ચોકડી પાસે, સેક્ટર-૪, ગાંધીનગર - ૩૮૨૦૦૪. મો. ૯૭૧૪૩૯૦૯૦૩
Email : mtplbipinbhai@yahoo.co.in

દિવાળીની હાર્દિક શુભકામના સાથે
નૂતન વર્ષાભિનંદન
આપ સર્વેનું નવું વર્ષ
સુખ, શાંતિ અને સમૃદ્ધિ દાયક
નિવડે તેવી હાર્દિક શુભકામના

અશ્વિન વી. ત્રિવેદી
(એડવોકેટ)
મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧
રાષ્ટ્રીય સચિવ : આંતરરાષ્ટ્રીય બ્રાહ્મણ સાંસદ
મંત્રીશ્રી : સમસ્ત બ્રહ્મસમાજ, ગુજરાત રાજ્ય

શ્રી દિવ્ય એ. ત્રિવેદી
૯૭૩૭૭ ૧૧૧૯૧
અખિલ ભારતીય બ્રાહ્મણ એકતા પરિષદ
યુવા પ્રમુખ, ગુજરાત પ્રદેશ
Rays Global Association
Youth President, Gujarat State
ઓફિસ : ૨૦૬, બીજો માળ, સુમન ટાવર, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧

ધી ગાંધીનગર અર્બન કો. ઓ. બેન્ક લી., ગાંધીનગર
રજિ. ઓફીસ : સી-૭/૮, પોપટલાલ દાણી ભવન, અપના બજાર, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧
ફોન નં. (૦૭૯) ૨૩૨-૪૩૯૩૪, ફેક્સ નં. (૦૭૯) ૨૩૨-૪૮૭૩૨
સર્વે સભાસદ મિત્રો, ખાતેદારો, વેપારીઓ, શુભેચ્છકોને નૂતન વર્ષાભિનંદન નવું વર્ષ આપને તથા આપના પરિવારને સર્વ પ્રકારે સુખમય, પ્રગતિમય અને સમૃદ્ધિદાયક નિવડે એવી અભ્યર્થના સહ... નૂતન વર્ષાભિનંદન
પરસોત્તમભાઈ એમ. પટેલ
ચેરમેન
પ્રહલાદભાઈ એસ. પટેલ
મેનેજિંગ ડિરેક્ટર
પ્રહલાદભાઈ આઈ. પટેલ
વાઈસ ચેરમેન
ગોવિંદભાઈ એમ. પટેલ
જનરલ મેનેજર
બોર્ડ ઓફ ડિરેક્ટર્સ
ડાહ્યાભાઈ ટી. પટેલ
ઈંદીરાબેન આર. પટેલ
ચંદુભાઈ એચ. પટેલ
ગોરધનભાઈ જે. રાઘવાણી
પ્રકાશભાઈ આર. પટેલ
બિપિનભાઈ વી. પટેલ
ગિરિશચંદ્ર ટી. ઝાટકીયા
કાલીદાસ વી. પટેલ
ભાવનાબેન બી. પટેલ
અશોકકુમાર સી. પટેલ
નટવરલાલ આર. પટેલ
શાખાઓ : ● સેક્ટર-૨૪ શાખા - હરસિદ્ધનગર, સેક્ટર-૨૪
● કુડાસણ શાખા - સનરાઈઝ આર્કેડ, કુડાસણ
● વાવોલ શાખા - વેર હાઉસ, વાવોલ

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓ.ન્યુ ક્રેડીટ સોસાયટી
સંસ્થાના સર્વે સભાસદ મિત્રો, થાપણદાર મિત્રો તથા શભેચ્છકોને 'નૂતન વર્ષાભિનંદન' પાઠવે છે. નૂતન વર્ષ આપ સર્વેને ફળદાયી તેમજ લાભદાયી નીવડે તેવી શુભેચ્છા
- શુભેચ્છક -
સર્વે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ
જયેશકુમાર એ. રાવલ પ્રમુખ
જયેશ એ. ગામીત ઉપપ્રમુખ
નંદુભાઈ કે. પટેલ માનદમંત્રી
હર્ષદસિંહ જે. વાઘેલા સહમંત્રી
ઉમેશકુમાર પી. વસાવા ચેરમેન લોન સમિતિ
રાજુલ એન. ભટ્ટ ચેરમેન ખરીદ સમિતિ
જયંતિલાલ બી. સાધુ ડીરેકટર
મૌલિકકુમાર બી. પટેલ ડીરેકટર
જયેશકુમાર એસ. જોષી ડીરેકટર
પ્રદ્યુમનસિંહ આર. વાઘેલા ડીરેકટર
વત્સલ આર. વોરા ડીરેકટર
દિપકભાઈ એસ. પટેલ ડીરેકટર
અતુલકુમાર એન. પટેલ ડીરેકટર
અશ્વિનકુમાર એમ. વ્યાસ ડીરેકટર
મહેશસિંહ ઝેડ. વાઘેલા ડીરેકટર
મુકેશ કે. ઠાકર મેનેજર
રમેશચંદ્ર બી. પટેલ કલાર્ક
ધર્મેન્દ્રસિંહ એમ. વાઘેલા કલાર્ક
વિષ્ણુભાઈ એચ. પ્રજાપતિ કલાર્ક
સંજય એન. જાની પ્યુન
પરેશભાઈ એ. દવે - પ્યુન